# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-01-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્ય સરકારે વોકલ ફોર લોકલ અંતર્ગત અંદાજે 23 લાખ રુપિયાનાં ખર્ચે 444 કારીગરોને પતંગ બનાવવાની તાલીમ આપી.
2) કેન્દ્રીય બંદર, અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે, કંડલા બંદર મેગા ટર્મિનલ બંદર અને ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે દેશનું મહત્વનું કેન્દ્ર બનશે.
3) HMP વાઇરસથી ઉદભવનારી સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા રાજ્યની જિલ્લા હોસ્પિટલો દ્વારા પૂર્વ તૈયારીઓ.
4) શક્તિપીઠ અંબાજી ખાતે શ્રદ્ધાળુઓ મંદિરથી સીધા પગપાળા ગબ્બર સુધી જઈ શકે તે માટે શક્તિ કોરિડોર બનાવાશે.
5) રાજ્યમાં ફરી એક વખત શિયાળો જામ્યો. છ શહેરોમાં 10 ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું તાપમાન

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Kite Making Training

રાજ્ય સરકાર દ્વારા ૨૩ લાખ રૂપિયાના ખર્ચે ૪૪૪ જેટલા કારીગરોને પતંગ બનાવવાની તાલીમ આપવામાં આવી રહી છે આધુનિક ટેકનોલોજીના યુગમાં પણ પતંગ બનાવવાનું ૯૫ ટકા કામ ફકત હાથ વડે થાય છે જેથી પ્રધાનમંત્રીના સૂત્ર વોંકલ ફોર લોકલને સાર્થક કરવા આ  અંગેનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ

(વોઈસ કાસ્ટ – અનિલ પટેલ)

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગર દ્વારા પતંગ બનાવવા માટે રાજ્યભરમાં કૌશલ્ય નિમાર્ણ તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા રોજગારલક્ષી તાલીમ માટે પતંગ વ્યવસાય ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં વિકસે તે માટે ખેત મજૂરી તેમજ છૂટક મજૂરી કરતા ભાઈઓ તથા બહેનોને તાલીમ આપવામાં આવે છે. જેમાં પતંગ બનાવવાની પ્રક્રિયા, તે માટે લાગતો સમય, પતંગનું બજાર અને રોજગારીની ઉજ્જવળ સંભાવનાઓ જેવા વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા પ્રત્યક્ષ તાલીમ-માર્ગદર્શન આપવામાં આવે છે. દરેક વર્ગમાં ૧૮ થી ૪૫ વર્ષ વચ્ચેની વયના તાલીમાર્થીઓની પસંદગી કરીને કુલ ૩૦ તાલીમાર્થીઓની બેચમાં તાલીમ આપવામાં આવે છે.

હાલમાં, ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને ગાંધીનગર આણંદ, ખેડા, વલસાડ, સુરત, પાટણ, અરવલ્લી, ડાંગ, નર્મદા અને તાપી એમ કુલ ૧૨ જિલ્લાઓના વિવિધ કેન્દ્રો ઉપર પતંગ બનાવવા માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# SARBANANDA SONOWAL KUTCH

**કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે, કંડલા સ્થિત દિનદયાળ બંદરની કાર્ગો વહન ક્ષમતા 300 મિલિયન મેટ્રિક ટન થયાં બાદ મેગા ટર્મિનલ બંદર અને ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રે દેશનું મહત્વનું કેન્દ્ર બનશે.**

**શ્રી સોનોવાલે આજે દિનદયાળ બંદર ખાતે ગ્રીન હાઈડ્રોજન એક્સલેન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત, વેસ્ટ રિસાઈકલિંગ પ્લાન્ટ અને કેન્દ્રીય વિદ્યાલયની નવી ઈમારત સહિતના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું.**

**આ પ્રસંગે તેમણે કંડલા મહાબંદર ખાતે 57 હજાર કરોડ રૂપિયાના નવા બે પ્રકલ્પ બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં ખાડીની બહાર 27 હજાર કરોડ રૂપિયાનું નવું મેગા ટર્મિનલ બંદર અને 30 હજાર કરોડ રૂપિયાના ખર્ચે શિપ બિલ્ડીંગ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.**

(બાઈટ -- સર્બાનંદ સોનોવાલ, કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . .

# CABINET

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં HMP વાયરસ પર નિયંત્રણ માટે તકેદારીનાં પગલાં પર ચર્ચા થઈ હતી. આરોગ્ય વિભાગે HMP વાયરસ અંગે તેનો અહેવાલ રજૂ કર્યો હતો.

બેઠકમાં બનાસકાંઠા જિલ્લાનાં વિભાજન બાદ થયેલા વિરોધ મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ઉપરાંત, રાજ્ય વિધાનસભાના સત્ર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને કેટલાંક નીતિગત વિષયો પર ચર્ચા થઈ હતી.

. . . . . . . . . . . . .

# HMPV Virus

HMP વાઇરસથી ઉદભવનારી સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા રાજ્યની જિલ્લા હોસ્પિટલો દ્વારા પૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લાનાં તંત્ર દ્વારા લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે પૂર્વ તૈયારીઓના ભાગ રૂપે 50 બેડવાળો આઇસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે સાથે ઓક્સિજન પ્લાન્ટ અને આરટીપીસીઆર લેબ પણ કાર્યરત કરવામાં આવી છે

પોરબંદરમાં  HMP વાયરસ સામે લડવા સરકારી ભાવસિંહજી હોસ્પિટલ દ્વારા આગોતરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે હોસ્પિટલ તંત્ર દ્વારા ઓક્સિજન પ્લાન્ટ સહિત તમામ સુવિધાઓની ચકાસણી કરવામાં આવી રહી છે અને તમામ ખૂટતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મહેસાણા જિલ્લાની વડનગર સ્થિત જીમર્સ મેડિકલ કોલેજ એન્ડ સિવિલ હોસ્પિટલે પૂરતી તૈયારી કરી છે. ખેરાલુ, વડનગર, વિસનગર, વિજાપુર, સતલાસણા, તાલુકાના દર્દીઓને સેવા પૂરી પાડતી આ હોસ્પિટલ હવે HMP વાઇરસથી સર્જાનારી પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે.

દ્વારકા જિલ્લાના ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં HMPV વાઈરસને લગતી કોઈપણ જાતની સારવારને પહોંચી વળવા ખાસ વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે.

ઉપરાંત પીપીઈ કીટ અને ટેસ્ટ કરવા માટેની કીટના પણ તમામ ઓર્ડર આપી દેવામાં આવ્યા તમામ ડોક્ટર અને મેડિકલ સ્ટાફની તાકીદની મીટીંગ કરવામાં આવી છે અને તમામ તકેદારીના પગલાં લેવાઈ રહ્યા છે.

. . . . . . . . . . . . .

# Ahmedabad School HMPV

અમદાવાદમાં નાનું બાળક HMP વાયરસનો ભોગ બન્યો હોવાથી શહેરની શાળાઓ સતર્ક થઈ ગઈ છે. શિક્ષણ વિભાગ કે આરોગ્ય વિભાગ દ્વારા બાળકો માટે કોઈ માર્ગદર્શિકા જાહેર નથી થઈ, પરંતુ કેટલીક શાળાઓએ તકેદારીના ભાગરૂપે જાતે જ માર્ગદર્શિકા બનાવીને તેનું પાલન કરવાનું શરૂ કર્યું છે.

પશ્ચિમ અમદાવાદની કેટલીક શાળાઓ દ્વારા શરદી-ખાંસી હોય તેવા બાળકોને શાળાએ ન આવવાની અપીલ કરવામાં આવી રહી છે. જો શાળામાં કોઈ વિદ્યાર્થીમાં લક્ષણ જણાય તો તેને ઘેર મોકલી દેવામાં આવે છે. શાળમાં પણ વિદ્યાર્થીઓને માસ્ક પહેરવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR POLICE RECRUITMENT

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આજથી બિન હથિયારી પીએસઆઇની શારીરિક કસોટીની શરૂઆત થઈ ગઈ છે. આજે પ્રથમ દિવસે ગાંધીનગરમાં મહિલા ઉમેદવારોએ શારીરિક કસોટી આપી હતી. તમામ ગ્રાઉન્ડ પરનું મોનિટરિંગ થઈ શકે તે માટે ગાંધીનગર ખાતે સેન્ટ્રલ કંટ્રોલરૂમ બનાવવામાં આવ્યો છે તેમ ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ નીરજા ગોટરૂએ જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# AMBAJI TEMPLE

સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરમાં શ્રદ્ધાળુઓ મંદિરથી પગપાળા સીધા જ ગબ્બર સુધી પહોંચી શકે તે માટે શક્તિ કૉરિડોરનું આયોજન હાથ ધરાયું છે. મળતી માહિતી મુજબ, 51 શક્તિપીઠ સર્કલથી મંદિર આગળના મુખ્યમાર્ગને અંડરગ્રાઉન્ડ કરીને યાત્રિકો માટે ઑવરબ્રિજ બનાવવામાં આવશે, જેમાં અંડરબ્રિજમાંથી વાહન પસાર થશે અને ઉપરથી શ્રદ્ધાળુઓની અવરજવર રહેશે. દરમિયાન સોશિયલ મીડિયામાં ફરતા કેટલાક ખોટા નકશાઓથી પ્રેરિત ન થવા અધિક કલેક્ટર કૌશિક મોદીએ જણાવ્યું છે.

(બાઈટ – કૌશિક મોદી)

. . . . . . . . . . . . .

# AMBAJI VOLVO BUS

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે આજે અંબાજીથી સુરત રૂટ માટે સાદી બસને બદલે વોલ્વો બસની ફાળવણી કરી છે. સેન્ટ્રલ એસી, સીસીટીવી કેમેરા અને ફાયર સેફ્ટીથી સજ્જ આ બસનો આજથી પ્રારંભ થયો છે.

47 સીટ ધરાવતી આ બસ અંબાજીથી બપોરે 3.30 કલાકે સુરત માટે રવાના થશે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

# Patan Uni. Research

ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાં ખેતીલાયક જમીન વિસ્તારમાં 30 ટકા જેટલી જમીન ખારાશ ધરાવે છે. આને કારણે ખેડૂતોને મહા મહેનતે બીજનું વાવેતર કર્યા બાદ પણ ધાર્યું ઊત્પાદન મળતું નથી. પાટણ યુનિવર્સિટીના લાઈફ સાયન્સના પ્રોફેસર ડૉ. આશિષ પટેલ અને તેમનાં વિદ્યાર્થીઓએ ખારાશવાળી જમીનમાં પણ ખેડૂતો સારી ઉપજ મેળવી શકે તે માટે સફળ સંશોધન કર્યું છે.

પ્રોફેસર આશિષ પટેલે જણાવ્યું હતું કે શિવરાજપુર બીચ પરથી લીલના સેમ્પલ લઈ તેમાંથી સિલ્વર નેનો કોટેડ ટામેટાનું બિયારણ બનાવી ટ્રીટમેન્ટ આપી હતી અને તેને ખારાશવાળી જમીનમાં વાવેતર કરી સામાન્ય જમીન અને ખારાશ વાળી જમીન સાથે સરખામણી કરવામાં આવી.

આ પ્રયોગ અંગે પ્રોફેસર આશિષ પટેલે વધુ માહિતી આપી..

(BYTE -- Dr. Ashish Patel, HNGU પાટણ. )

. . . . . . . . . . . . .

# Navsari Suposhan Utsav

સંકલિત બાળ વિકાસ અંતર્ગત નવસારીના ખેરગામ તોરણવેરાની દૂધ મંડળી ખાતે  સુપોષણ ઉત્સવ ઉજવાયો હતો.

આ ઉત્સવમાં કુલ 80 વિવિધ વાનગીઓનું નિદર્શન થયું હતું. આ વાનગીઓમાંથી ત્રણ વાનગીઓને અને મીલેટસમાંથી ત્રણ વાનગીઓને ખાસ પ્રોત્સાહનરૂપે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

# Navsari Ayush Melo

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની આયુષ કચેરી તેમજ નવસારી જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા નવસારી જિલ્લામાં ત્રિ-દિવસીય આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શુક્રવારે વાંસદા તાલુકામાં, શનિવારે ગણદેવીમાં અને સોમવારે ચીખલી તાલુકામાં આયુષ મેળો યોજાશે

સવારે સાડા દસ થી ત્રણ વાગ્યા દરમિયાન યોજાયેલ આયુષ મેળામાં વિનામૂલ્યે આયુર્વેદ અને હોમિયોપેથી નિદાન-સારવાર કેમ્પ યોજાશે.

. . . . . . . . . . . . .

# Weather

રાજ્યમાં ફરી એક વખત શિયાળો જામ્યો છે. રાજ્યના છ શહેરોમાં 10 ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું તાપમાન નોંધાયું છે. નલિયામાં 3.2 ડીગ્રી સેલ્સિયલ લઘુતમ તાપમાન નોંધાયું હતું, જે આ વર્ષનું સૌથી નીચું તાપમાન છે. આ ઉપરાંત, રાજકોટમાં 7.3 ડિગ્રી, ડીસામાં 8.8 ડિગ્રી ભુજ, કેશોદ અને ગાંધીનગરમાં 9-9 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં 12.1 ડિગ્રી, વડોદરામાં 11.4 ડિગ્રી અને સુરતમાં 15.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# Punchmahl Kala Maha Kumbh

પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ 3.0 નો શ્રીમતી એસ. જે. દવે. હાઈસ્કુલ ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના પ્રથમ દિવસે ચેસ, રસ્સાખેંચ, વોલીબોલ, યોગાસન સહિતની રમતો રમાડવામાં આવી હતી અને બીજા દિવસે કબડ્ડી સ્પર્ધા રાખવામા આવી હતી. તમામ રમતોમાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# Dang Culture Programme

ડાંગની આહવા પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ 2024-25 યોજાયો હતો.

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ડાંગ ના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કલા મહાકુંભમાં પ્રાથમિક શિક્ષણાધિકારી વિજય દેશમુખે જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે સાંસકૃતિક પ્રવૃતિઓ, રમત ગમત અને કલા જેવી બાબતો પણ જીવનમાં ખુબ જ જરૂરી છે. ત્યારે અભ્યાસની સાથે સાથે સાંસકૃતિક પ્રવૃતિઓ વિગેરે સાથે જોડાઇ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કુલ ૨૩ કૃતિઓમાં અલગ અલગ વયજૂથ ધરાવતા ૧૨૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# Road Safety Month 2025

માર્ગ સલામતી માસ ૨૦૨૫ અંતર્ગત અમદાવાદના શાસ્ત્રીનગર ખાતે મહિલાઓ માટે ટ્રાફિક અને સુરક્ષા જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આરટીઓ અમદાવાદ અને જાગો ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં ૨૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં શહેરના જાણીતા રોડ સેફટી તજજ્ઞ ડો.પ્રવીણ કાનાબાર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડોક્ટર કાનાબારે ઉપસ્થિત મહિલાઓને વાહન ચલાવવા બાબતે રોડ સેફ્ટી અને જાગૃતતા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત આરટીઓ અધિકારીએ આરટીઓ દ્વારા અમલી લાઇસન્સની પ્રક્રિયા તથા ઓનલાઈન માધ્યમથી મહિલાઓ લાઇસન્સ કેવી રીતે મેળવી શકે એ અંગે સમજૂતી આપી હતી. સાથે જ, તેમણે મહિલાઓને સ્કીલ ડ્રાઇવિંગ થકી કોમર્શિયલ રોજગારી કેવી રીતે મેળવી શકાય તે અંગે અને સુરક્ષિત મુસાફરી અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

. . . . . . . . . . . . .

# Dang University

નવસારી આણદ જુનાગઢ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિઓએ ડાંગ જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ, કૃષિ મહાવિધ્યાલયની એનજીઓ, FPO, સખી મંડળ અને ફાર્મર ફિલ્ડની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં ડાંગ જિલ્લાની પ્રાકૃતિક ખેત ઉત્પાદકોના વેચાણ વ્યવસ્થાપન માટે ભારતીય ટપાલ સેવા અને ઓનલાઈન સર્વિસના માધ્યમથી પ્રાકૃતિક ખેત ઉત્પાદનનું વેચાણ આંતરિયાળ વિસ્તારમાં થઈ શકે તેની ભલામણ કરવામાં આવી હતી, આ ભલામણથી FPO, NGO અને સખી મંડળના માર્કેટિંગને લગતા પ્રશ્નોનો ઉકેલ લાવી શકાશે. ઉપરાંત તેઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇના વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે સૂચન કર્યું હતું.

. . . . . . . . . . . . . .